

# સેતુ


**શાંતિલાલ મોહનલાલ શાહ અશક્તાશ્રમ સોસાયટી**

**ત્રિમાસીક સંપર્ક પત્ર**

**વર્ષ : ૨૧ અંક : ૮૩ ઓક્ટોબર - ૨૦૧૯**

**website : www.ashaktashram.org**

**સંપાદકો** : પ્રા. નટવરલાલ જી. શાહ ★ શ્રી વિષ્ણુભાઈ સી. ગાંધી ★ શ્રીમતી ઉષા સી. શાહ

**પ્રમુખ** : શ્રી ચંદ્રવદન એસ. શાહ ★ **માનદ્ મંત્રીઓ** : શ્રી ગિરીશભાઈ આર. શાહ ★ શ્રી ઉદયભાઈ કે. શાહ

શાંતિલાલ એમ. શાહ અશક્તાશ્રમ સોસાયટી, પાણીની ટાંકી પાસે, ડાકોર-૩૮૮૨૨૫. ફોન : ૦૨૬૯૯-૨૪૪૨૧૮


## રજતજયંતિ શિબિર પર્વ

જીવન મેઘધનુષી રંગોવાળું છે. એમાં કેટકેટલા રંગો છે ! ભય, વિસ્મય, રતિ, હાસ, શોક, ક્રોધ, શૌર્ય, જુગુપ્સા અને ઉપશમ જેવા ભાવોનો ભાતીગળ ચંદરવો છે. એમાં ખારો, ખાટો, તીખો, તુરો, મીઠો, મધુર અને કડવો સ્વાદ છે. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સરની વૃત્તિઓ છે. ભય, ભૂખ, ઊંઘ અને મૈથુનના અનુભવો છે. અહંતા, મમતા, રાગ દ્વેષ, ગમા અણગમા અને ભાવ અભાવની જાણે કે રંગોળી છે !

જીવન જાણે કે ભાઈબંધીની ભાઈબીજ છે, વખાની અખાત્રીજ છે. સંજોગોની સંકટચોથ છે. લોટરીની લાભપાંચમ છે, સુખ-દુઃખની રાંધણ છઠ છે, સંતોષની શીતળા સાતમ છે, ગમ્મતની ગોકળ આઠમ છે, નમનની નોળી નોમ છે, વીરતાની વિજયાદશમી છે, વચનોની નીમ અગિયારસ છે, ત્યાગ વૈરાગ્યની વાઘબારસ છે, ધીરજની ધનતેરસ છે, રાગની રૂપચૌદશ છે. પ્યાસની પોષીપૂનમ છે, દૈવતકૌવતની દિવાળી છે, આવરદાની અમાસ છે.

એમાં ગમ્મત છે, મમત છે, રંગત છે અને સંગત પણ છે. એમાં બચપણ છે, ભોળપણ છે, ગળપણ છે, ઘડપણ છે, ચણભણ છે, ડહાપણ છે, તડપણ છે, મેળવણ છે, વડપણ છે અને શાણપણ પણ છે. એમાં રમતા, લડતા, નમતા, ભજતા સૌએ જીવવાનું છે. આવું બહુરુપીરંગી જીવન આપણા સૌના ભાગમાં આવ્યું છે. મનુષ્યચિત્ત સારંગીના બધા સૂર તો આપણે મીલાવી શકવાના નથી. મનુષ્યબુદ્ધિ બ્રહ્માંડના બધા ફલકો પણ આપણે માપી શકવાના નથી. પણ થોડોક તાર છેડીએ, થોડીક ફાળ ભરીએ.

એટલે આ રજતજયંતિ પર્વની શિબિરમાં કોઈ એક વિષય ઉપર વ્યાખ્યાનો અને કાર્યક્રમો યોજવાને બદલે કર્મ, ધર્મ, અધ્યાત્મ, વાર્ધક્ય, વિજ્ઞાન, સાહિત્ય, સંગીત, હાસ્ય અને રુદન જેવા ભાવવિષયોને આવરી લેતાં પ્રવચનોના કાર્યક્રમો યોજ્યા છે. એમાં આપને વિષયો અને વક્તાઓનું વૈવિધ્ય મળશે. પ્રતિવર્ષનો પરંપરાગત ચીલો ચાતરી Out of Box જઈ સમજણનું ભાથું ભરવાનો એક અવસર આશ્રમને આંગણે ઊભો કર્યો છે.

તનમનધનથી વિવશ અશક્તો માટે છાપરું નહીં પણ છત્ર બનવા ઈચ્છતા આ આશ્રમમાં એકમેકની હામ અને હરમત વધારતા આશ્રમવાસીઓની બિરાદરી, સેવકો અને સહાયકોની સેવાની સુગંધ, માણસની માનવતાની મહેક, ડહોળાયેલાં મનજળને શાંત પારદર્શક કરવાના પુરુષાર્થની પ્રતીતિ થશે.

તો પધારો આ શિબિરમાં. જીવન જાણો, માણો અને નાણો. લાવો તમારો હાથ, આપણે હાથ મેળવીએ. કરીએ શિબિરમાં સંગાથ, આ મનપાંચમના મેળામાં મહાલીએ.

**ડૉ. નરેશભાઈ વેદ**

## પ્રમુખની કલમે

અશક્તાશ્રમમાં આજે ચહલપહલ શેની છે ? જ્યાં જુઓ ત્યાં આશ્રમવાસીઓ, કર્મચારીઓ, સ્વજનો અને ટ્રસ્ટીઓ દોડાદોડીમાં છે. બધા જ વ્યસ્ત. તે તો હોય જ ને આજે અવસર આનંદનો.

અશક્તાશ્રમમાં વડીલોની ધાર્મિક, આધ્યાત્મિક, સાહિત્યિક અને સાંસ્કૃતિક જિજ્ઞાસા સંતોષવા છેલ્લા ૨૪ વર્ષથી શિબિરનું આયોજન થાય છે. ઘરે જાણે લગ્ન હોય અને તૈયારી થતી હોય તેવો ઉત્સાહ ઉમંગ અને આયોજન નજરે પડે છે. સ્ટેજ હોય કે મંદિર હોય, માઈક હોય કે વિવિધ લાઈટના ફીટીંગ હોય, ભજન અને સંગીત, સ્ટોર્સ અને રસોઈ, ખુરશીઓ અને મંડપ, રજિસ્ટ્રેશન અને રહેઠાણ આમ વિવિધ પાસાઓને સંભાળવા સૌ પરિશ્રમ કરી રહ્યા છે.

આજથી ૨૫ વર્ષ પહેલા, પહેલી શિબિરનું આયોજન થયું. શ્રી હીરાભાઈ ઠક્કર પ્રથમ વક્તા "મોક્ષ અને બંધન" પ્રથમ વિષય. ત્યાર બાદ તો દર વર્ષે વક્તા વિષય સર્વગ્રાહી રહ્યા. પૂજ્ય સચ્ચિદાનંદજી, પૂજ્ય કૃષ્ણશંકર શાસ્ત્રીજી, શ્રી હરિભાઈ કોઠારી, શ્રી નારાયણભાઈ દેસાઈની ગાંધી કથા, શ્રી કુમારપાળ દેસાઈ, શ્રી ભાગ્યેશભાઈ જહા તો લોકસાહિત્ય માં શ્રી ભીખુદાન ગઢવી, શ્રી યોગેશ ગઢવી અને શ્રી શાહબુદ્દીન રાઠોડ જેવા સિદ્ધહસ્ત કલાકારો અને ચિંતકોએ અશક્તાશ્રમને તેમના વાણીપ્રવાહથી પાવન કર્યો.

શિબિર આશ્રમવાસીઓમાં નવો પ્રાણ પૂરે છે. અશક્તાશ્રમ સૌને જોડવાનું કામ કરે છે. અશક્તાશ્રમવાસીઓ, ટ્રસ્ટીઓ, સ્વજનો, કર્મચારીઓ અને ડાકોરના નગરજનો સાથે ઐક્ય અને ઔદાર્ય અનુભવે છે. પણ શિબિર મારફતે અશક્તાશ્રમનો પરિવાર વિસ્તારીત થાય છે. દર વર્ષે શિબિરમાં આવતા મહેમાનો સાથે રસાળ સંબંધ અને પરિવારનો અનુભવ કરે છે. શિબિર તેઓની પ્રછન્ન શક્તિઓથી પરિચિત થવાની તક આપે છે.

અશક્તાશ્રમ ખરેખર નસીબદાર છે. મોડાસાના પ્રધ્યાપક શ્રી નટવરલાલ જી. શાહ અને વિદ્યાનગરના ડૉ. નરેશભાઈ વેદ બંને ટ્રસ્ટીઓના માર્ગદર્શનથી શિબિર ગૌરવવંતી બને છે.

શિબિરનો પ્રાણ તો આપ સૌ શિબિરાર્થીઓ છો. પચ્ચીસ પચ્ચીસ શિબિર સુધી આપ સૌ શિબિરાર્થીઓએ શિબિરમાં સક્રિય હાજરી આપી શિબિરને જીવંત રાખી છે. ઘણા શિબિરાર્થીએ એક પણ શિબિર પાડ્યા વગર વર્ષોથી શિબિરમાં હાજરી આપે છે. આપ સૌ શિબિરાર્થીઓને પણ અમારા ધન્યવાદ.

**તો ચાલો, અશક્તાશ્રમના આંગણે આ રજતજયંતિના માહોલને માણીએ.**

# અશક્તાશ્રમના આશ્રયે

## ગરીબને કોણ બોલાવે !!!

- ઉષા ચંદ્રવદન શાહ

મારા બાપાએ મને રૂા. ૨૦૦૦/-માં વેચી દીધી બહેન. હું તો હેરત પામી ગઈ. વેચી દીધી ?.... હા બહેન અમે ખેડાવાળ બ્રાહ્મણ છીએ. ગરીબી અમારી કિસ્મત હતી. છોકરીઓને પરણાવવાનો એક સુગમ માર્ગ, પૈસા આપો અને દીકરી લઈ જાઓ. દીકરી એટલે જાણે ઠીકરી. એને જેમ ઉડાવવી હોય તેમ ઉડાવો, ૧૪ વર્ષની દીકરી...શું કરી શકે ? દીકરી ને ગાય દોરે ત્યાં જાય !!!

બ્રાહ્મણ સમાજના આ બહેન છે, એમની ૩ કે ૪ વર્ષની ઉંમરે માએ ચિર વિદાય લીધી. ૩ ભાઈઓ અને બે બહેનો. મોટાભાઈ પરણેલા હતા. ભાભીના હાથ નીચે મોટા થવાનું હતું. ભાભીના માથે ઘરમાં ૬ જણનો ભાર. જેમ ઓછો થાય તેમ સારું. પહેલો શિકાર દીકરીઓ જ ને !! એક જવાબદારી ઓછી કરવા રૂા. ૨૦૦૦ લઈ 'એમની' સાથે પરણાવી દીધી. મારી ઉંમર તે વખતે ૧૪ વર્ષની !!!... એ કુટુંબમાં કોણ કોણ હતા ? બહેન.... કોઈ નહીં. સાસુ-સસરા ગુજરી ગયેલા. આ એકલા જ હતા. રૂા. ૨૦૦૦ આપવાની ક્ષમતા હતી એટલે બાપુએ મને વળાવી દીધી.

હવે બીજો ધડાકો સાંભળો. બાળપણમાં ૧૪ વર્ષે વળાવ્યા અને યૌવનમાં ૨૪ વર્ષે ઘવાયા. પતિ ભાગી ગયા !! તેમના શબ્દોમાં કહું તો '૩ પાર્સલ (સંતાનો) સોંપીને ભાગી ગયા' જેનો આજ સુધી પત્તો લાગ્યો નથી. ઉપર આભ અને નીચે ધરતી. પોતે ત્રણ બાળકો સાથે સાવ ખાલી. જેટલું અનાજ ઘરમાં પડ્યું હતું તેટલું ત્રેવડ કરી કરીને વાપર્યું. બહેન ! કેટલીક વખત તો છોકરાઓને રાત્રે રડતાં સુવાડ્યા છે. હું બાઘા જેવી થઈ ગઈ હતી. ક્યાં જાઉં ? કોનો આધાર ? બાપુ અને ઘરના સૌ તો વળાવીને તેમની જવાબદારી પૂરી સમજતા'તા !! પહેલો સગો પડોશી. પડોશી આ રડતી મા અને ટળવળતા છોકરાઓને ન જોઈ શક્યા. અનાજ ભરી આપ્યું અને આ બહેનમાં હિંમતની હવા ભરી. બહેન ! રડવાનું છોડીને કટિબદ્ધ થયા. વરને શોધવાના પ્રયત્નો છોડી દીધા. મારી થઈ એવી મારા બાળકોની નહીં થાય.'

બહેન ! હું ખાસ ભણેલી નહોતી. મેં કચરા-પોતાં-કપડાં-વાસણ કરવાનું શરુ કર્યું. પછી રસોઈમાં ફાવટ સારી હતી અને ચાર પૈસા વધારે મળતા'તા તેથી રસોઈ કરવાની શરુઆત કરી દીધી.

પણ તમારા પતિ ભાગી કેમ ગયા ? તમારા બન્ને વચ્ચે કોઈ ખટરાગ હતો ? ના... બહેન એમને દેવુ થઈ ગયું'તું. દેવું કેમ ? શું કરતા'તા ? પાનની દુકાન ચલાવતા'તા. પાનની દુકાનમાં તો આવક જ હોય. દેવું કેવી રીતે થાય ? પણ બહેન ... એ લોટરીની ટીકીટો બહુ લેતા'તા. એટલી મને ખબર છે. મારી શક્તિ પ્રમાણે શોધખોળ કરી અને કરાવી પછી છોડી દીધું મારા નસીબ પર !! મારે એકલીએ જ આ જંગ ખેડવાનો છે, એની ગાંઠ વાળી. મારા બાળકોને હું મોટા કરીશ.

દિવસો જતા ગયાં. બાળકો મોટાં થયાં. દુઃખને પચાવી ગયા. ધીમી પણ સ્થિર ગતિએ ગાડું ગબડતું'તું. સંતાનોમાં બે દીકરી અને એક દીકરો. વધારે ભણવાનું કે ભણાવવાનું પોષાય તેમ નહોતું. પૈસાની તાતી જરુરીયાત હતી. નોકરીમાં પગભર કરી શકે તેટલું ભણી ત્રણેય ભાઈ બહેન નોકરી જોડાયા.

મોટી દીકરી ગોદડીઓ બનાવવા અને ખાખરા બનાવવાના કામમાં દાખલ થઈ. નાની દીકરી કોઈ જ્વેલર્સની દુકાનમાં સેલ્સગર્લ તરીકે પસંદ થઈ. અને દીકરો પણ કામે ચઢ્યો. ત્રણેય કામે ચઢ્યા અને ભેગી મા. ચાર જણની કમાણીએ તેમને ખાધે પીધે તો સ્વતંત્ર કરી દીધા. કોઈની પાસે લાંબો હાથ કરવાની જરુર નહોતી. હવે હા... શ. થઈ.

બહેન દેખાવડા અને રૂપાળા છે. તે પ્રમાણે તેમના ત્રણેય સંતાનો એવા જ હશે તેવું માનું છું. મોટા થયાં. પગભર થયાં. સ્વમાન સાચવી શકે તેવા બન્યા. માનો ટેકો બન્યા. હવે તેમના સ્વસ્થાને મુકવાનો સમય આવ્યો. બન્ને દીકરીઓ સારા ઘરમાં એટલે કે પૈસાદાર ઘરમાં વળાવી. બન્ને બધી રીતે સુખી છે. મારે દીકરીઓની ચિંતા નથી બહેન. પછી દીકરાને પરણાવ્યો. વહુ આવી. તે સીવણકામમાં કામ કરે છે.

હવે ઘરમાં બધા જ કમાનાર. દીકરીઓ દીકરીના ઘેર સુખી. અને આ ત્રણ અહીં સુખી. ત્રણ ચાર વર્ષ બહુ સરસ ચાલ્યું. શાંતિથી સ્થિરતાથી નાવ સરખી ગતિએ ચાલતું'તું. પણ હવે ઘરની લગામ વહુના હાથમાં આવી. આ બહેન આટલા દુઃખમાં પણ સ્વમાનથી જીવ્યા હતા. છુટા થઈ ગયા. એક રૂમ લઈ લીધી. અપાર દુઃખમાં ઘડાયેલા બહેન હલી ન ગયા. રસોઈ કરવાનું, શાકભાજી લાવી આપવાનું કામ ચાલુ રાખ્યું. સુખેથી એકલ પંડે રોટલો કરી ખાતા. હસમુખો અને કામગરો સ્વભાવ હોવાથી તે સૌનો આવકાર પામતાં.

પણ નસીબ સાથે જ છે. જીવનભર કષ્ટ કાઢતાં ડાયાબીટીસ પેસી ગયો. ડોક્ટરોએ હવે આ બધા કામો છોડવાનું કહ્યું. ફરી પાછું જીવનનાવ હાલમડોલમ. સ્વમાની બહેને સ્વતંત્ર માર્ગ ખેડવાનું નક્કી કર્યું. ક્યાં જાય ? બાપના ઘેર ?ના કદી નહીં. દીકરીને ત્યાં કદી ન જવું. તે સમાજના અગ્રગણ્ય વ્યક્તિઓને મળ્યા. તેમનો જીવન ઈતિહાસ કહ્યો. તે લોકોએ શાંતિથી સાંભળ્યા. તે દરમ્યાનમાં તેમણે અશક્તાશ્રમમાં આવવાનું નક્કી કર્યું છે તે પણ વાત કરી. તેમણે નિભાવ પૂરેપૂરો આપવાની ખાત્રી આપી. વળી તેઓ ત્યાંના જૈન સમાજના અગ્રગણીઓને પણ મળ્યા તેમણે પણ બનતી મદદ કરવાની ધીરજ આપી. નચિંત અને નિશ્ચિત થઈ ગાંસડા બાંધી દીધા.

વાનપ્રસ્થ જીવનમાં અશક્તાશ્રમમાં પગ મુક્યો. શ્રી રાધાકૃષ્ણના દર્શન કર્યા. પ્રભુ તમારે શરણે આવી છું. બહેન ! જીંદગીમાં પહેલીવાર આટલી શાંતિ આટલું સુખ, આટલી નિરાંત મને મળી છે. બહેન ! બધી જ ચિંતાઓ છોડી દીધી. હસતું મોઢું તેમની સુંદરતામાં વધારો કરતું હતું. તેમનો સ્વભાવ, તેમની અસ્મિતા તેમનો આત્મવિશ્વાસ તેમના મોઢા પર પ્રતિબિંબિત થતો હતો. મને પણ સંતોષ થયો.

તમારે ૩ ભાઈઓ અને એક બહેન છે તે લોકો તમારી વહારે ન આવ્યા. બહેન ! ગરીબની વ્હારે કોઈ ન આવે. મ્હેં તો બચપણ અને જીવન આજ સુધી ચેન્નઈમાં વિતાવ્યું છે. ડાકોર આવતા પહેલા હું તો ફક્ત મળવા ગઈ'તી. તેઓ અહીં નજીકમાં જ રહે છે. બહેન ! એટલો ઠંડો આવકાર એટલો ઠંડો આવકાર કે ક્યારે જાકારો લઈ લઉં એમ થતું'તું. એમનો પૈસો એમની પાસે. હું વેદનાથી ભરાઈ ગઈ. પછી બહેનને પણ ફક્ત મળવા જ ગઈ. ત્યાં પણ એવું જ. મેં ગાંઠ વાળી. 'કદી પણ તમારે ત્યાં પગ મુકું તો કહેજો' તમે સૌ સુખી રહો. હું મારી રીતે સુખી જ છું. તે સૌને તેમના પૈસાનું અભિમાન છે. તો તેમનો પૈસો એમની પાસે. હું મારી રીતે જીંદગીમાં કદી નથી પામી એવી શાંતિ અને સુખ અહીં પામી છું.

તમારો દીકરો અને દીકરીઓનો સંપર્ક છે કે ? બહેન ! દીકરો અને મોટી દીકરીએ કદી ફોન કર્યો નથી. પણ નાની દીકરી દર ચોથે કે પાંચમે દિવસે ફોન કરી તેની લાગણી વ્યક્ત કરે છે. મારી ખૂબ ચિંતા કરે છે.

આ બેઠક લીધા પહેલાં આ નવા બહેનને જોયા કરતી. હું બધા જ નવા આવેલા પર નજર રાખું. આ બહેન હસતાં. સૌની સાથે ભળતાં જે કામ સોંપવામાં આવે તે કરતાં. એમની પાસે બેસવાનું મન થયું. લગભગ એકથી દોઢ કલાક અમે બેઠા. તેમની જીંદગીની કહાની સાંભળી.

આ બહેન અશક્તાશ્રમમાં શ્રી રાધાકૃષ્ણના ચરણમાં માથું મુકવા આવ્યા છે. ભગવાન તેમને તેમની શરણમાં લે તેવી પ્રાર્થના.

# સંસ્થા સમાચાર

**- કે. બી. શાહ**

## પૂ. કેશુકાકાની પૂણ્યતિથિ

પાયાની ઈંટ સમા પૂ. કેશુકાકાની પૂણ્યતિથિ શ્રદ્ધાથી શ્રદ્ધાંજલિ અર્પી તેમના ગુણાનુવાદ કરતા સ્થાયી વૃદ્ધોને મિષ્ટાન્ન-ફરસાણયુક્ત ભોજન જમાડી ઉજવાઈ.

## નૌકા વિહાર

ડાકોર રણછોડજી મંદિરમાં વૃદ્ધોને નૌકાવિહારના દર્શન કરવા જવું પડે. તો એક તો સખત ગરમી ભારે ભીડ અને ધક્કામુક્કી કરી દર્શન માંડ થાય. આજ નૌકાવિહારનો લ્હાવો આશ્રમના આંગણે થાય ને વૃદ્ધોને આનંદ આવે, કોઈ વસવસો મંદિર સુધી ન ગયાનો ન રહે તે શુભ અને શુદ્ધ હેતુથી ભાઈશ્રી પુનિત અને ઈશ્વર (કર્મચારી)ના સઘન પ્રયત્નોથી આશ્રમ બહાર હોળીકુંડને તબદિલ કરી કુંડમાં પાણી ભરી ગુલાબની પત્તિઓ વિખેરી કુંડમાં પાછળ આબેહુબ કલાત્મક પહાડ ને ગુફા ઊભી કરી કુંડમાં લાલજીને નૌકામાં બેસાડી વિહાર કરાવવામાં આવ્યા. મોરમુગટ, કાને કુંડળ સુંદર વસ્ત્રોમાં સજ્જ લાલજી નજર લાગે તેવા લાગતા હતા. અવધૂત ભજન મંડળના પ્રાસંગિક ભજનોની ધૂન સોનામાં સુગંધ ભેળવતી હતી. વૃદ્ધો નાચી કૂદીને તાલ આપે એ અદભુત દશ્ય ન જોનારને કાંઈક ગુમાવ્યાનું ભાન ન કરાવે તો જ નવાઈ.

## હિંડોળા દર્શન

અષાઢ વદ-૨થી હિંડોળા શ્રાવણ વદ-૨ સુધી ચાલે. આશ્રમવાસી બાઓ પૂનિતના નેજા હેઠળ વિવિધ પ્રકારના હિંડોળા તૈયાર કરે ને પ્રાસંગિક હિંડોળાના ભજનો ગવાય, ઝીલાય. બે વખત વિશિષ્ટ હિંડોળા મનોરથ થયો. એક વખત નિયમિત થતી ભજન સંધ્યાને હિંડોળા પ્રસંગમાં વણી લીધી ને બીજી વખત ભારે જહેમત ઉઠાવી સુશ્રી ઉષાબેન-ચંદ્રવદનભાઈ રુબરુ આવી ગયા હોઈ તેમની નિગેહબાની હેઠળ ગોવર્ધન લીલા કૃષ્ણે કરી હતી તેના હૂબહૂ દર્શન થાય તે રીતે ગોવર્ધન ખડો કર્યો.

## પંદરમી ઓગષ્ટ - રક્ષા બંધન

બે તહેવાર રાષ્ટ્રપ્રેમ અને ભાઈબહેનોના નિઃસ્વાર્થ પ્રેમનો સુભગ સમન્વય થયો. ધ્વજવંદન આશ્રમવાસી શ્રી શરદભટ્ટે કર્યું. સૌએ રાષ્ટ્રગીતનું ગાન કર્યું. આશ્રમમાં રહે છે તે સૌ અલગ હોવા છતાં એક ભાઈ બેન જ છે તે ભાવથી રક્ષા બાંધી. રક્ષાબંધનના તહેવારને વધુ સ્નેહગાંઠથી મજબુત કર્યો.

## શિતળા સાતમ-જન્માષ્ટમી-મટકીફોડ નંદમહોત્સવ-જનરલ મીટીંગ

શિતળા સાતમ એટલે આશ્રમના આંગણે ફક્તને ફક્ત સુશ્રી ઉષાબેનના જન્મદિવસનો જ ઉત્સવ. ત્રણ વર્ષ પહેલાં સૈયાંત મુકામે જ્યારે પ્રમુખશ્રીના આર્થિક સહયોગથી નવીનીકરણ પામેલ કૂવાનું લોકાર્પણ થયું હતું તે પવિત્ર જગ્યા જે સરકારે બાગ બગીચા રમતગમતના સાધનો, કૃત્રિમ વૃક્ષના થડીયા થકી દ્વાર અને કૃત્રિમ વૃક્ષ ઊભા કરી યાત્રિકોના વિસામા માટે તૈયાર કરી છે. ત્યાં સૌના વ્હાલા એવા સુશ્રી ઉષાબેનનો જન્મ દિવસ ઉજવવાનું નક્કી કર્યું હતું. આશ્રમવાસીઓ-સ્વજનો, કર્મચારીગણને સારસ યુગલ એવા શ્રી ચંદ્રવદનભાઈ-સુશ્રી ઉષાબેન સૌ કોઈ સરસ જગ્યા જોવાની તમન્નાથી નિયત સમયે સવારે ૧૦ કલાકે પહોંચી ગયા. સ્થળ જોઈ સૌ હરખાયા. ચા-નાસ્તો-પ્રાસંગિક ભજનો-અંતાક્ષરીને, ભાવ પ્રતિભાવ તો હોય જ. શ્રી ચંદ્રવનદભાઈતો ખૂબ ભાવવિભોર થઈ અશ્રુભીના નયને બોલતા ગયા ને સૌ શ્રોતા તેમની વાણીથી ભીંજાયા. વરસાદ પણ કાર્યક્રમ સારી રીતે નિહાળવાને આવનારને કોઈ તકલીફ ન પડે તે ભાવથી સમય પૂરતો રોકાઈ ગયો હતો. સ્થળ પાછળથી રેલ્વે પસાર થતી હતી તે સૌએ રણછોડજીરાયજીના પરમભક્ત મનસુખરામ માસ્તરને કે જેનાં પગલાં અહીં પડ્યા જ હશે તેમને શ્રદ્ધાથી યાદ કર્યા.

જન્માષ્ટમીની રાત્રે ૧૦-૩૦ કલાકે કૃષ્ણ રાત્રે બાર વાગે અવતરવાના છે તે ભાવથી મહુલી તૈયાર કરી. કૃષ્ણનું પારણું રાખી આજુબાજુ વાજિંત્રો વગાડતા અષ્ટસખા બિરાજમાન છે. બાજુમાં ભજનીકો પૂનિત, રાજુભાઈ, કે.બી., બહેનોમાં રમાબેન પંડ્યા, સુશીલાબેન સ્ટેજ સંભાળી લે છે. કૃષ્ણના આગમન માટે ભજનો ગવાય છે. હવે પ્રભુ અવતાર લો તો જાણું... બડી દેર ભઈ નંદલાલા.... કાનુડા ઓ કાનુડા તું માખણ ખાવા આવતો રે જે રે ઘર છે મારું ગોકુળ જેવું ગમશે તને રે.... આવો આવો કૃષ્ણની રમઝટ જામે છે. ને રાત્રે ૧૨ના જ ટકોરે થાળી-વેલણને વાજીંત્રોના નાદે કૃષ્ણ જન્મ કરાવાય છે. પુનિત હાથમાં લાલાને લઈ રૂમઝૂમ કરતો આવે છે ને પારણામાં લાલાને પધરાવાય છે. આરતી-થાળ-પંચાજીરીનો પ્રસાદ વહેંચાય છે ને નંદ ઘેર આનંદ ભયોના નાદ થાય છે.

બીજા દિવસે ડાકોરના નવયુવાન સેવાભાવી સંસ્થા ઈન્ડીયન હેલ્પીંગ યુથના ગોપગોપી ભાવથી મટકીફોડનો આનંદ લુંટવા લુંટાવવા દોડી આવ્યા. વાજતે ગાજતે પ્રાસંગીક ભજનો, ગરબો કરતા સૌને આનંદ કરાવ્યો ને શુભ સંકલ્પ કર્યો કે જ્યારે પણ આ આશ્રમને સંકટ સમયે જરુરિયાત હશે ત્યારે મદદરુપ થશે.

તા. ૨૫-૮-૨૦૧૯ રોજ બપોરે ૩-૩૦ કલાકે વર્ષભરના લેખાજોખાની રજૂઆત માટે જનરલ મીટીંગનું સંચાલન શરુ થાય તે સત્સંગ હોલ વૃદ્ધો સ્વજનો, ટ્રસ્ટીગણ, કર્મચારીગણની હાજરીથી સાંકડો પડતો દેખાય છે. શ્રી નરેશભાઈ શાહ શ્રી ઉદયભાઈ કે શાહ, શ્રી ચદ્રવદનભાઈ, સુશ્રી ઉષાબેનની હાજરી પ્રભાવી રહે છે. પારદર્શક વહીવટ હોય ત્યાં બધુ પારદર્શક જ હોય. ખર્ચ વધતો જતો હોવા છતાં પ્રારંભથી જે રૂા. ૪૦૦ જ વૃદ્ધોના માસભરના લેવાય છે તે જ લેવાય છે. બહાર ટ્રસ્ટીગણની છાપ અને ઉદાર સજ્જન દાતાશ્રીઓના ઉદારહાથથી બહુ તકલીફ પડતી નથી. તેવું ખાસ પ્રમુખશ્રીએ કહ્યું. આશ્રમવાસી વૃદ્ધોને આ સેવાયજ્ઞમાં શક્ય હોય તેટલો વધુ સાથ સહકાર આપવા વિનંતી કરી. આશ્રમ ઘર-પરિવાર છે તે રીતે સૌને હેતભાવ રાખવા, દરગુજર કરતા રહેવા પણ ભાર મૂક્યો. સૌએ હાથ ઉંચા કરી તાલીઓના ગડગડાટથી હિસાબો સ્વીકારી તેને બહાલી આપી. શ્રી ચંદ્રવદનભાઈએ આશ્રમની દિવાળી એટલે કે શિબિર જે રજતજયંતિ ઉજવી રહ્યું છે તેમાં તન-મન-ધનથી ખભેખભા મિલાવી આનંદ ઉત્સાહથી કામે લાગી જવા વિનંતી કરી. આશ્રમવાસીઓએ ફરજનો ભાગ સમજી કામે લાગી જવા-સહકાર આપવા ખાત્રી પણ આપી.

## ગણેશ ચતુર્થી

હિન્દુ પ્રજા ઉત્સવ પ્રિય પ્રજા છે. ચોમાસાનો પ્રારંભ થાય કે તહેવારોની વણઝાર શરુ થઈ જાય. ગણેશ જન્મોત્સવ હવે વર્ષોવર્ષ તેનું મહત્વ વધારતો જાય છે. જો કે બહાર તો તેનો દિન-પ્રતિદિન અતિરેક થતો હવે જોવા મળે છે. પરંતુ આશ્રમ હંમેશા પરંપરામાં શિસ્તબદ્ધ રીતે જ પ્રસંગનું ધાર્મિક મહત્ત્વ નખશીખ જળવાય તે રીતે કટિબદ્ધ રહે છે. રાજા-મહારાજાના પોષાકમાં સજ્જ કરી શ્રી ગણેશને બાજોઠ ઉપર બેસાડ્યા. ભજનિકોએ આશ્રમવાસીઓ સૌ પ્રાસંગિક ભજનોના સૂર છેડતાં રહ્યા. એકથી એક ગણેશજી રાજી થાય તેવા ભજનો ગવાયા. સરસ પ્રાસમાં ગણપતિને જ કહેવાનું હોય તે હર્ષ ઉત્સાહથી હૃદયના ઉછાળાથી સૌ ઝીલવા ઝીલાવા લાગ્યા. પાલખીમાં ગણપતિજીને પધરાવી આશ્રમ પરિસરમાં ઠેરઠેર પાલખી ફેરવવામાં આવી. સઘન સારવાર કક્ષના તથા અશક્ત વૃદ્ધોને રૂબરૂ પાલખી લઈ જઈ પ્રભુના દર્શનની ઝાંખી કરાવાઈ. ગરબા તો હોય જ. સાથે થાળ-આરતી-મિષ્ટ ભોજનનું સુંદર આયોજન પણ કરાવવામાં આવ્યું.

### શ્રી કેશવલાલ આર. શાહ

# રજત જયંતિ શિબિરનો કાર્યક્રમ

**તા. ૩-૧૧-૨૦૧૯, રવિવાર થી તા. ૭-૧૧-૨૦૧૯, ગુરુવાર**

**કારતક સુદ - ૭ રવિવાર થી કારતક સુદ - ૧૦ ગુરુવાર**

| ક્રમ | તારીખ | વાર | સત્ર | કાર્યક્રમ/વિષય | વક્તા | સમય |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૩-૧૧-૨૦૧૯ | રવિવાર | પહેલું | ઉદ્‌ઘાટન/પુસ્તક વિમોચન | પૂ. સાહેબ અને ચંદ્રવદનભાઈ | ૯-૩૦ થી ૧૨-૩૦ સવારે |
| ૨. | ૩-૧૧-૨૦૧૯ | રવિવાર | બીજું | નિવૃત્તિમાં પ્રવૃત્તિ | શ્રી પ્રવીણચંદ્ર લહેરી | ૪-૦૦ થી ૬-૦૦ સાંજે |
| ૩. | ૩-૧૧-૨૦૧૯ | રવિવાર | ત્રીજુ | સન્માન સમારંભ | આશ્રમના ટ્રસ્ટીઓ | ૮-૦૦ થી ૧૦-૦૦ રાત્રે |
| ૪ | ૪-૧૧-૨૦૧૯ | સોમવાર | પહેલું | મેરે તો એક ગિરિધર ગોપાલ | સ્વામીશ્રી જ્ઞાનવત્સલજી | ૯-૩૦ થી ૧૧-૩૦ સવારે |
| ૫ | ૪-૧૧-૨૦૧૯ | સોમવાર | બીજું | વિજ્ઞાન અને અધ્યાત્મ | ડૉ. પંકજભાઈ જોષી | ૪-૦૦ થી ૬-૦૦ સાંજે |
| ૬ | ૪-૧૧-૨૦૧૯ | સોમવાર | ત્રીજુ | ડાયરો (લોક સંગીત) | શ્રી યોગેશ ગઢવી | ૮-૦૦ થી ૧૦-૦૦ રાત્રે |
| ૭ | ૫-૧૧-૨૦૧૯ | મંગળવાર | પહેલું | વરિષ્ઠોનું ગૌરવ | શ્રી મનસુખ સલ્લા | ૯-૩૦ થી ૧૧-૩૦ સવારે |
| ૮ | ૫-૧૧-૨૦૧૯ | મંગળવાર | બીજું | કર્મનું સ્વરુપ અને તેના પરિણામો | શ્રી મનસુખ સલ્લા | ૪-૦૦ થી ૬-૦૦ સાંજે |
| ૯ | ૫-૧૧-૨૦૧૯ | મંગળવાર | ત્રીજું | હવેલી સંગીત | શ્રી દ્વારકેશ બેઠક મંદિર આણંદ કિર્તન મંડળી | ૮-૦૦ થી ૧૦-૦૦ રાત્રે |
| ૧૦. | ૬-૧૧-૨૦૧૯ | બુધવાર | પહેલું | હાસ્યની શક્તિ અને તેનો મહિમા | શ્રી રતિલાલ બોરીસાગર | ૯-૩૦ થી ૧૧-૩૦ સવારે |
| ૧૧ | ૬-૧૧-૨૦૧૯ | બુધવાર | બીજું | ગમતાનો કરીએ ગુલાલ | શ્રી ધ્રુવભાઈ ભટ્ટ | ૪-૦૦ થી ૬-૦૦ સાંજે |
| ૧૨ | ૬-૧૧-૨૦૧૯ | બુધવાર | ત્રીજું | અંતાક્ષરી | આશ્રમવાસીઓ | ૮-૦૦ થી ૧૦-૦૦ રાત્રે |
| ૧૩ | ૭-૧૧-૨૦૧૯ | ગુરુવાર | છેલ્લું | શ્રી કૃષ્ણ દ્રૌપદીનો સંબંધ અને શિબિર સમાપન | ડૉ. નરેશભાઈ વેદ | ૯-૩૦ થી ૧૨-૩૦ સવારે |

**નોંધ : પહેલા દિવસે તા. ૩-૧૧-૨૦૧૯ને રવિવારે સર્વે શિબિરાર્થીઓને સવારે ૯-૪૫ કલાકે પોતાનું સ્થાન ગ્રહણ કરી લેવા વિનંતી.**

---

બુક-પોસ્ટ/પ્રિન્ટેડ મેટર

પ્રતિ શ્રી ____________________

____________________

____________________

**પ્રેષક :**

**ડૉ. નરેશ આર. શાહ (ટ્રસ્ટી)**

**શાંતિલાલ મોહનલાલ શાહ અશક્તાશ્રમ સોસાયટી**

૨૦૩, સંકલ્પ સ્કેવર-૨, બીજોમાળ, જલારામ રેલ્વે ક્રોસીંગ અને કલગી ક્રોસ રોડ પાસે,

ડૉ. સુમન શાહ ઓર્થોપેડીક હોસ્પિટલ સામે, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬. (INDIA)



સૌજન્ય મુદ્રક : સરૈયા આર્ટ પ્રિન્ટરી ★ (મો) : ૯૮૨૫૪૪૦૬૯૦